Extra No. 164

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] SATURDAY, JUNE 20, 2026 / JYAISTHA 30, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:-

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંક: જિશિઅ/બ-૩/પરીક્ષા/૮૯૧૪,તા. ૧૫.૦૬.૨૦૨૬

૨. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩.

જાહેરનામુ

નં:ડીસી/પી.ઓ.એલ/પરીક્ષા/જાહેરનામુ/વશી/૩૮૧ થી ૩૯૦/૨૦૨૬-વંચાણે લીધેલ પત્ર-૧ની વિગતે RE-NEET-2026ની પરીક્ષા આગામી તા.૨૧/૦૬/૨૦૨૬ના રોજ અરવલ્લી જિલ્લાના નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે.જે અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,અરવલ્લી-મોડાસાનાઓએ જાહેરનામું પાડવા અત્રેની કચેરીએ દરખાસ્ત મોકલી આપેલ છે.

ક્રમ	પરીક્ષા કેન્દ્ર	પરીક્ષા કેન્દ્ર સરનામું
૧.	શ્રી કે.એન.શાહ હાઈસ્કુલ, મોડાસા	બસ સ્ટેશન રોડ, સ્કુલ કેમ્પસ, આઈ.ટી.આઈ.એરીયા, મોડાસા-૩૮૩૩૧૫
૨.	શ્રી જે.બી.શાહ ઈગ્લીંસ મીડીયમ સ્કુલ, મોડાસા	કોલેજ કેમ્પસ, ધનસુરા રોડ, મોડાસા-૩૮૩૩૧૫
૩.	શ્રી એચ.એલ.પટેલ સરસ્વતી વિદ્યાલય,મોડાસા	તાલુકા પંચાયત મોડાસાની પાછળ, માલપુર રોડ, મોડાસા-૩૮૩૩૧૫
૪.	એમ આર ટી સી મદની હાઈસ્કુલ, મોડાસા	મદની હાઈસ્કુલ ડુંગરવાડા રોડ, મોડાસા - ૩૮૩૩૧૫

ઉક્ત દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા સ્થળોએ કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, જાહેર શાંતિ અને સલામતી જળવાઇ રહે તે માટે પરીક્ષાના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં ગેરરીતિઓ અટકાવવા માટે જાહેર હિતમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું ઉચિત જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,અરવલ્લી-મોડાસા ભારતીય નાગરિક સુરક્ષા સહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે સદર પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અરવલ્લી જિલ્લાના ઉપરોક્ત યાદી મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/બ્લુટુથ ડિવાઈઝ/સ્માર્ટ વોચ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહીં. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવું નહીં, સુત્રો

પોકારવા નહીં કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં. પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઇ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહીં તથા પરીક્ષાના દિવસે વીજ પુરવઠો ખોરવાય નહી તે માટે તા.૨૧/૦૬/૨૦૨૬ના રોજ ખોદકામ કરવું નહી. પરીક્ષાર્થીઓને ખલેલ પહોચે તે રીતે માઈક/લાઉડ સ્પીકર/મ્યુઝીક વગાડી શકાશે નહી. તથા આ સમય દરમિયાન સક્ષમ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ પરમીશનો આપોઆપ રદ ગણાશે.

//અપવાદ//

આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહિં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી,મોડાસા તથા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી,મોડાસા, જિ.અરવલ્લી.

(૩) ફલાઈંગ સ્કવોડના તમામ અધિકારીશ્રીઓ.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/બ્લુટુથ ડિવાઈઝ/સ્માર્ટ વોચ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જમ કરી શકશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૭ મી જૂન, ૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધું:-પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાના પત્ર ક્રમાંક: ક્રમાંક:LIB/જી.પી.એક્ટ કલમ-૩૭(૧), ૩૭(૩)/જાહેરનામું/ ૧૦૪૦/ ૨૦૨૬, તા.૧૭/૦૬/૨૦૨૬

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ ૩૭ (૩) મુજબ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી દ્વારા જાહેરનામું

નં.ડીસી/એમ.એ.જી./જાહેરનામું/૩૭(૩)/વશી/૪૧૭ થી ૪૩૦/૨૦૨૬ - અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ- ૩૭ (૩) મુજબનું ગેરબંદોબસ્ત અટકાવવા અમુક કૃત્યોની બંધી અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ વંચાણે લીધેલ પત્રથી દરખાસ્ત કરી છે,જે વાજબી જણાય છે.જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારોમાં તા.૧૯/૦૬/૨૦૨૬ના કલાક ૦૦.૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૬ના કલાક ૨૪.૦૦ (બંને દિવસો સહિત) સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી વિના કોઈપણ મંડળી અથવા સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ:-

આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં/ફરજ ઉપર હાજર હોય તેવી વ્યક્તિઓને,

(૨) કોઈ લગ્નના વરઘોડાને,

(3) કોઈ સ્મશાન યાત્રાને,

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૩) હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૭ મી જૂન, ૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધું: પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાના પત્ર ક્રમાંક:LIB/જી.પી.એક્ટ ક.૩૭(૧), ૩૭(૩) /જાહેરનામું/૧૦૪૦/૨૦૨૬, તા. ૧૭/૦૬/૨૦૨૬

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ ૩૭ (૧) મુજબ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી દ્વારા જાહેરનામું

નં.ડીસી/એમ.એ.જી./જાહેરનામું/૩૭(૧)/વશી/૪૩૧ થી ૪૪૪/૨૦૨૬ - અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબનું ગેરબંદોબસ્ત અટકાવવા અમુક કૃત્યોની બંધી અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ વંચાણે લીધેલ પત્રથી દરખાસ્ત કરી છે.જે વાજબી જણાય છે.જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૧૯/૦૬/૨૦૨૬ના કલાક ૦૦.૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૬ના કલાક ૨૪.૦૦ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહે તે રીતે સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(ખ) કોઈ પણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઘ) વ્યક્તિઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાની,

(ચ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો . કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઊથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

અપવાદ:

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

૧. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીશ્રીઓ, શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યક્તિ તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનારને,

૨. સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું આવશ્યક હોય,

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યક્તિઓને,

૪. ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતોને,

૫. સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યક્તિઓને,

૬. કોઈ પણ અંતિમયાત્રાને,

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા, હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

આજ તા. ૧૭મી જૂન, ૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.11 14:45:18 IST